## ૧. જ્ઞાનધારા– Knowledge Band 2017-18

૧. એજ્યુકેશન ફેર – ગુજરાત સરકારશ્રીના માર્ગદર્શન પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે ત્રણ દિવસનું સુંદર આયોજન કરવામાં આવ્યું એજ્યુકેશન ફેરની પૂર્વતૈયારી તા. ૧૪ / ૦ ૬ /૨૦૧૭ થી કરવામાં આવી સમગ્ર કોલેજમાથી સ્ટાફ સહિત ૪૫ રજીસ્ટ્રેશન થયા વિધાર્થીઓ માટે બસની વ્યવસ્થા કરવામાં આવી તથા એમના જમવા માટેની પણ વ્યવસ્થા કોલેજ તરફથી કરવામાં આવી ૧૬ / ૦૬ / ૨૦૧૭ સુધી ચાલનાર આ કાર્યક્રમમાં વિધાર્થીઓ, ટીચીંગ સ્ટાફ, વહિવટી કર્મચારીઓએ ભાગલીધો, તા. ૧૬/૦૬/૨૦૧૭
ના રોજ કોલેજના આચાર્યશ્રી તેમજ હેડ કલાર્કશ્રી આકાર્યક્રમમાં ભાગલેવા અમદાવાદ ગયા

## ૨. પ્રવેશોત્સવ – તથા ગુરૂ પૂર્ણિમા મહોત્સવ –

તા. ૦૮/૦૭/૨૦૧૭ શનિવારના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરામાં દર વર્ષના જેમ પરંપરા પ્રમાણે પ્રવેશાત્સવ અને ગુરૂ પૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી, એફ.વાય.બી.એ પ્રથમ વર્ષમાં ઓનલાઈન પ્રમાણે પ્રવેશ પામનાર વિધાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ના અધ્યક્ષશ્રી પ્રો. મિલનભાઈ એન. વ્યાસ અંગ્રેજી વિભાગ રહયા,
ટી.વાય.બી.એ. એસ.વાય.બી.એ.
ના વિધાર્થીઓએ ગુરૂની મહત્તા બતાવી ખુબસુંદર વિચારો રજુ કર્યા આપ્રસંગે ડૉ. કે.બી. ઉપાધ્યાય
પ્રા. પિયુષ પરમાર પ્રા. એન. એમ. ખાંટ ડૉ. ઈન્દુબેન ગઢવી કુ. ડૉ. ડી. એલ. રાઠોડ તથા સુમધુર
સ્વરમા સંગીતની સૂરાવલીઓ સાથે પ્રા. મિતલબેન ચૌહાણે સમગ્ર કાર્યક્રમને ખુબસુંદર બનાવી દીધુ
હતું પ્રસંગાનુંસાર અધ્યક્ષશ્રી મિલનભાઈ વ્યાસનું ગુરૂની સમગ્ર કૃપા અને વિધાર્થીમાટે ગુરૂ પરંપરા
નું વિવેચન કર્યુ. કાર્યક્રમના અંતે કોલેજના આચાર્યશ્રી ડૉ. રમેશચન્દ્ર મુરારી સાહેબે વૈદિક પરંપરાથી
ચાલનારી ગુરૂની અલોકિત શકિતની ચર્ચામાં મહર્ષિ વ્યાસ, વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, પરાસર,
મનુ,કૌટિલ્ય, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, સાંદિપની જેવા ગુરૂઓ દ્વારા આપવામા આવેલો જ્ઞાન તેને ગ્રહણ
કરનારા જિજ્ઞાસુ વિધાર્થીઓની ખુબજ સુંદર ચર્ચા કરી.

## ૩. શિક્ષક દિવસ –

તા. ૦૫/૦૯/૨૦૧૭ ના રોજ મંગળવારના દિવસે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના બીજા
માજી રાષ્ટ્રપતિ ને યાદકરી સમગ્ર કોલેજમા શિક્ષક દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ દિવસે
કોલેજના તેજસ્વિ વિધાર્થીઓએ જે વર્ગખંડ તેમને ભણાવવામાં આપ્યો હોય તે વિષયને સંપૂર્ણ ન્યાય
આપી શિક્ષક દિવસનું સુંદર આયોજન કર્યુ સમગ્ર કોલેજમા લગભગ ૪૨ જેવા વિધાર્થી ભાઈઓ/
બહેનોએ શિક્ષણનું કામ પુરૂ પાડયુ તથા શિક્ષક અને પ્રાધ્યાપકની જવાબદારી વિશે કોલેજના
આચાર્યશ્રીએ દરેકને બિરદાવ્યા આ દિવસનો સુદર આયોજનથી વિધાર્થીઓમાં ગુરૂ માટે આદર
અને સંમાન નો ભાવ જોવા મળ્યો.

## ૪. વ્યાખ્યાનમાળા – ૧

તા. ૧૨/૦૯/૨૦૧૭ ના રોજ શ્રી. અર્જુનભાઈ પારગી દ્વારા આદિવાસી અને ભીલ સાહિત્ય ઉપર
એક સુંદર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યો, શ્રી. ગોવિંદગુરૂ યુનિવર્સિટી ગોધરા જેના સાથે આર્ટ્સ
કોલેજ ફતેપુરાનું જોડાણ છે. તેમા સમાજશસ્ત્ર વિષય ઉપર જે અદિવાસી સાહિત્ય અને લોકમેળાઓ તેમજ
સ્થાનિક સંસ્કૃતિનો જે કોર્ષ રાખવામા આવ્યો છે. તેને ધ્યાનમા લઈને શ્રી. અર્જુનભાઈ પારગી
એ ખુબજ ઉડાણ પૂર્વક વ્યાખ્યાન આપ્યો, ગોવિંદ ગુરૂના જન્મસ્થળથી એમને કુળગુરૂ તરીકે સ્વીકાર્યાહોય ત્યાસુધી
રાજસ્થાનના ડુંગર પુરથી વાસવાડા, વાસીયા તેમજ ડુંગર પુરના મહારા પ્રતાપસિંગજી દ્વારા એમના સારા
કાર્યો, ગોવિંદ ગુરૂ દ્વારા સંપસભાનું સંગઠન તમામ પ્રકારની વ્યસન મુકિત સુખસર, નટવા ગામે ૧૯૦૨ માં
ગીરનારના સાધુ રાજગીરી મહારાજ દ્વારા આશિર્વાદ પ્રાપ્ત કરીને તા. ૧૭ / ૧૧ / ૧૯૧૩ ના રોજ માનગઢ

હિલ ઉપર અંગ્રેજોની ગોળીથી ૧૫૦૭ સહિદ થયેલા આદિવાસીઓની દર્દભરી કહાની અને (ભુરેટીયા)
શબ્દનો પ્રયોગ તેમજ લગ્ન ગીતો પંચાયતી રાજ લીમડી અને કંબોઈ ગામમાં ગાવિંદ ગુરૂની સમાધી સુધીની
ચર્ચાઓ ખુબજ સુંદર વ્યાખ્યાન કર્યો અંતે ખુબસુંદર શૈલીમા મહેંદીના ગીતોપણ ગાયા હતા.

## ૪. વ્યાખ્યાનમાળા – ૨

તા. ૧૫/૦૯/૨૦૧૭ ના રોજ સ્વામી વિવેકાનંદ અધ્યન કેન્દ્ર વડોદરાથી પધારેલ શ્રી. કંચન દીદી
અગ્રવાલ દ્વારા સ્વામી વિવેકાનંદને કેન્દ્રમાં રાખીને સ્વામીજી દ્વારા શિકાગોમાં આપેલો વ્યાખ્યાન તેમજ
વિદ્યાર્થીઓને આપેલી પ્રેરણા– ઉઠો જાગો ધ્યેય પ્રાપ્ત કરો જેવા અનેક રસપ્રદ વ્યાખ્યાન દ્વારા વક્તા
એ દરેકને મંત્રમુગ્ધ કરી દીદા હતા, ડૉ. કે. બી. ઉપાધ્યાયના વિશેષ આગ્રહ ઉપર આ વ્યાખ્યાન કંચન
દીદી એ સ્વીકાર્યો હતો સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમમાં ભાગલીધો હતો ટી.વાય. એસ. વાય. અને એફ. વાય
ના તમામ વિધાર્થીભાઈઓ/બહેનોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો કાર્યક્રમના અંતે કોલેજના આચાર્યશ્રી
એકંચન દીદી દ્વારા આપેલો વ્યાખ્યાનો આભાર માન્યા

## ૫. એજયુકેશન કેર –

તા. ૦૨/થી ૦૫ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ગુજરાત યુનિવર્સિટી એમ.સી.ડી. મેદાનમાં આકાર્યક્રમનો
આયોજન કરવામા આવ્યુમા. મુખ્યમંત્રીશ્રી. ગુજરાત રાજય તેમજ શિક્ષણ મંત્રીશ્રી. ગુજરાત રાજય ના
વિશેષ આગ્રહથી આ કાર્યક્રમ ખુબજ સુંદર અને વ્યવસ્થિત થયો ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ અને
તમામ સારી કોલેજોએ આકાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો, શૈક્ષણિક સંસ્થાઓ સિવાય તમામ એન.જી.ઓ

*બેંકોએ પણ આકાર્યક્રમને સફળ બનાવવા માટે યોગ દાન આપ્યો તમામ સાંસ્કૃતિક પ્રવૃતિયો અને કલાઓનું*
*પ્રદર્શન થયો આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રીએ ભાગ લીધા*

## ૧ - ભાગલીધેલ ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | મુકામ / સ્પર્ધા |
|---|---|---|
| ૧ | પારગી જીતમલ માલાભાઈ સેમ-૩ તા. ૦૪/૦૮/૨૦૧૭ | છોટાઉદેપુર- ક્રોસકન્ટ્રી |
| ૨ | કટારા પ્રવીણભાઈ પાર્સીંગભાઈ | - |
| ૩ | પાંડોર દિલીપભાઈ કલાભાઈ | - |
| ૪ | બામણીયા સુભાષભાઈ રમેશભાઈ | - |
| ૫ | પારગી વિનોદભાઈ દિલીપભાઈ | - |
| ૬ | હરીજન વિનોદભાઈ રામાભાઈ | - |
| ૭ | ડીંડોર સુભાષભાઈ લલ્લુભાઈ | - |
| ૮ | હરીજન કરણભાઈ ટીનુભાઈ | - |
| ૯ | કટારા વિપુલભાઈ શામજીભાઈ | - |

## ૨ - ભાગલીધેલ ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | |
|---|---|---|
| ૧ | ગરાસીયા મેહુલકુમાર તેરસીંગભાઈ ૨૪/૦૮/૨૦૧૭ | ગોવિંદ ગુરુ યુનીવર્સીટી – આ. ઝોન |

## ૩- ભાગલીધેલ ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | |
|---|---|---|
| ૧ | મોઢીયા નરગીસ ગફારભાઈ સેમ-૩ ૩૦/૦૮/૨૦૧૭ | કોઠંબા કોલેજ – બેડમિન્ટન |
| ૨ | પારગી વૈશાલીબેન નાનાલાલ સેમ-૩ ૩૦/૦૮/૨૦૧૭ | કોઠંબા કોલેજ – બેડમિન્ટન |

૧. આર્ટ્સ કોલેજ ફતેપુરાની આ બે બહેનો રનર્સઅપ થયેલ હતી, મોઢીયા નરગીસ ગફારભાઈ સેમ-૩ ની પસંદગી ઇન્ટર યુનીવર્સીટી માટે પણ થઇ હતી અંતે યુનીવર્સીટીની ઉદાસીનતા થી આ પ્રોગ્રામ કેન્સલ કરવામાં આવ્યો.

૨. આર્ટ્સ કોલેજ ફતેપુરામાં તા. ૧૫/૧૬/૧૧-૨૦૧૭ નારોજ તમામ ખેલ-કુદ સ્પર્ધા ઓનો આયોજન કરવામાં આવ્યો હતો.

## ૭. સામુદાઈક સેવા ધારા (Communitiy Social service Band)

દર દરવર્ષના જેમ આધારમાં તમામ પ્રકારના કાર્યક્રમો કરવામાં આવ્યા – જુન-૨૦૧૭ માં પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર નિફા વડોદરા ના તરફથી તમામ ટી.વાય. ના વિધાર્થીઓની માહિતી મોકલાવવામાં અવિહતી

**૧. સફાઈ અભિયાન –** ૧ ૨૫/૦૭/૨૦૧૭ મંગળવાર

૨ ૧૪/૦૮/૨૦૧૭

૩ ૦૭/૦૯/૨૦૧૭

૪ ૦૨/૧૦/૨૦૧૭

૫ ૨૫/૦૧/૨૦૧૮

**૨. *પ્રવેશોત્સવ* ૦૮/૦૭/૨૦૧૭ – સમગ્ર કોલેજ**

**૩. સ્વામીવિવેકાનંદજીની શિકાગો ધર્મસંસદ પ્રવચન-** બાઈસેગ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે તા. ૧૧/૦૭/૨૦૧૭ ના રોજ કોલેજ કેમ્પસ માં પ્રસારણ કરવામાં આવ્યો

**૪. સમાજશાસ્ત્ર વિષય ઉપર વ્યાખ્યાન-** તા. ૧૨/૦૯/૨૦૧૭ ના રોજ આદિવાસી લોક ગીત અને સાહિત્ય ને ધ્યાનમાં રાખી શ્રી. અર્જુનભાઈ પારગી દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યો,

**૫. ગુજરાત કવિઝ પ્રોગ્રામ –** ગુજરાત સરકારશ્રી શિક્ષણ વિભાગ તરફથી તા. ૨૩/૦૯/૨૦૧૭ ના રોજ ગુજરાત ક્વિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૭૨ વિધાર્થીઓએ ભાગ લીધો જેમાં ૬ વિધાર્થીઓ વિજેતા રહ્યા જેમાં કુ. વીનાબેન તેર્સીગભાઈ પારગી પ્રથમ ક્રમે રહ્યા,

**૬. સ્વતંત્રતા દિવસની ઉજવણી –** તા. ૧૫/૦૮/૨૦૧૭ ના રોજ સમગ્ર કોલેજમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં તમામસાસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા,

**૭. ૨૬/૦૧/૨૦૧૮ *પ્રજાસત્તાક*દિન-** આદિવસે સમગ્ર કોલેજમાં ૨૬ જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિધાર્થીઓમાં ઠંડીનો દિવસ હોવા છતાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો, તમામ સાસ્કૃતિક કાર્યક્રમો સમ્પન થયા તમામ વક્તાઓએ પોતાના વિચારો રજુ કર્યા.

૮. ***વાર્ષિકોત્સવ***ની ભવ્ય ઉજવણી – તા. ૧૬/૦૨/૨૦૧૮ ના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરા ના તમામ વિધાર્થી ભાઈઓ/બહેનો માં ***વાર્ષિકોત્સવ*** વિષે અનેરો ઉત્શા જોવા મળતો હતો કોલેજના કોલેજના વિધાર્થી

ભાઈઓ/બહેનો એ નૃત્ય તેમજ સ્ટેજ પ્રોગ્રામ નો કાર્ય ક્રમ કર્યો, આપ્રસંગે જીલ્લા સમાહર્તા શ્રી. જે. રંજીથકુમાર I.A.S અધ્યક્ષ સ્થાને રહ્યા હતા મુખ્ય મહેમાનોમાં માં.શ્રી. જસવંતસિહજી ભાભોર સાહેબ રા. ક. કેન્દ્રીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ ભારત સરકાર નવી દિલ્હી ખાસઉપસ્થિત રહ્યા હતા અતિથી વિશેષ શ્રી. પ્રેમવીર સિહજી I.P.S. જીલ્લા પોલીસ અધિક્ષક દાહોદ, શ્રી. વિછીયાભાઈ ભુરીયા સાહેબ પૂર્વ ધારાસભ્યશ્રી લીમખેડા શ્રી. શૈલેષભાઈ ભાભોર સાહેબ વર્તમાન ધારાસભ્ય લીમખેડા ઉપસ્થિત રહીને આકાર્ય ક્રમની શોભા વધારી હતી, આસુંદર કાર્ય ક્રમમાં શિક્ષણ વિદોમાં ડૉ. શ્રી. જી. એન. બારિયા સાહેબ આચાર્યશ્રી એસ. આર. ભાભોર આર્ટ્સ કોલેજ સીંગવડ, શ્રી. એસ. આર. જોષી સાહેબ કાર્યકારી આચાર્યશ્રી બી. એડ. કોલેજ સીંગવડ શ્રીમતી પીનલબેન ભાભોર આચાર્યા શ્રી નર્સિંગ કોલેજ સીંગવડ ઉપસ્થિત રહીને વિધાર્થીઓના ઉત્શાહોને વધારીને પ્રોત્સાહિત કર્યા આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. રમેશચંદ્ર મુરારીએ દરેકનો આભાર માન્યો આર્ટ્સ કોલેજ ફતેપુરાનો સમગ્ર સ્ટાફ આ ***વાર્ષિકોત્સવ*** ને સફળ બનાવવા માટે હાજર રહ્યો.